# સાત સૉનેટનું મેઘધનુષ

**–નટવર ગાંધી**

## ૧. સાબરમતી આશ્રમે

અહીં નથી જ રાજમન્દીર, ન મ્હેલ, મ્હેલાત ના,
ન દુર્ગ, નથી હર્મ્ય કો, નથી વીશીષ્ટ સ્થાપત્ય વા,
ન હસ્તીગૃહ, શસ્ત્રસંગ્રહ ન, અશ્વશાલા નથી,
કુટીર દસ–બાર માત્ર, બસ જોઉં આ આશ્રમે.

અહીં જ કસી કાછડી કમર, હાથ લૈ લાકડી,
કપાળ કરી ચાંદલો, હરીનું નામ હોઠે ધરી,
અમોઘ સત શસ્ત્રસજ્જ, જુજ સાથી સંગે તમે
અહીં જ જગરાજ્યની સહુ સમર્થ અક્ષૌહીણી
બુલંદ પડકારી 'તી: "કરવું હોય તે લ્યો કરી.
નથી જ નથી આવવું વીણ સ્વરાજ પાછું હવે,
ભલે મરણ આવતું, મરીશ કાગડા–કુતરા
સમાન પણ ના જ ના પગ મુકીશ હું આશ્રમે."

અહીં જ અહીંથી શરુ થયું મહાન પ્રસ્થાન જે,
વીશાળ પ્રસર્યું પછી ઉર ઉરે, દુરે, ચોદીશે.

## ૨. રાજઘાટે

મહાન ગણતંત્રની રમણી રાજધાની મહીં,
અનેક અધીરાજ્યના સ્તુપ, મીનાર, સ્તમ્ભો વીશે,
ન કાંચન, ન તામ્રપત્ર; પણ માત્ર પાષાણમાં
અહીં, અમર લોકઉર, ઈતીહાસપૃષ્ઠે  તમે.
શીખામણ તમારી જોઉં, ચીર કોતરી પથ્થરે:
"પડે ખબર ના કદી કરવું શું અને કેમ જો,
વીચાર કરવો તદા દલીત, દુ:ખીયા લોકનો,
થશે સકળ સ્પષ્ટ શું કરવું, કેમ, કેવી રીતે."

સલામ સરકારને ! અમલદાર ઉંચા અહીં,
પ્રધાન, અધીકારી, સંસદ સદસ્ય, સાહેબ સૌ,
મહેલ મજલે કરે મસલતો બડી ફાંકડી,
ઠરાવ કરી ઠાવકા, ગરીબને દીયે સાંત્વના,
સદાય સચીવાલયે લટકતી તમારી છબી
કદીક નીરખી તમારું શુભનામ લેતા ચરે.

## 3. ગાંધીજી દક્ષીણ આફ્રીકામાં–૧

ધુરંધરો જગતના સહુ સજ્જ થાતાં
યુદ્ધે, ધરે અવનવાં કંઈ અસ્ત્ર–શસ્ત્ર,
ત્યારે અજાણ સહુથી દુર અન્ધખુણે,
તું આદરે નવીન યુદ્ધ, પ્રયોગ ભવ્ય,
જ્યાં શસ્ત્ર માત્ર સત, હીંસક અસ્ત્ર ના કો',
સેના ધપે જન જપે હરીનામ હોઠે,
માથે મઢે મુગટ શાંતી, સહીષ્ણુતાનો,
ના હારજીત, પરીવર્તન એ જ લક્ષ્ય.
તારે ન વેરી જન કોઈ, ન કોઈ હીન,
તું બન્ધુ, મીત્ર સહુનો, પથદર્શી, શુરો,
વીજ્ઞાની, જ્ઞાની મનનો, ભય–મુક્તી દાતા,
તેં આંખનાં પડળ સૌ કરી દુર, દીધી
દૃષ્ટી, સમષ્ટી ઉઘડી, ઉરતાપ શામે,
ગુલામીમાં સબડતાં જન મુક્તી પામે.

## ૪. ગાંધીજી દક્ષીણ આફ્રીકામાં–૨

હું જ્યારથી સમજતો, શીખતો થયો છું,
જે જે મળે મનીષી, પ્રશ્ન પુછ્યા કરું છું,
શાને ભયંકર કહો, અહીં યુદ્ધ થાતાં ?
ને દોષ વીણ ગણ કેમ હણાય ? શાને
ધીક્કારતાં મનુજ જાણ–પીછાણ વીના ?
ને જીવવા પુરતું બે બસ મુઠ્ઠી ધાન,

શાને પછી પુરવઠો જન સંઘરે ? ને
શાને મરે ભુખમરે શીશુ કુમળાં કૈં ?

જોઉં, તપાસું ઈતીહાસ, વાંચું થોથાં,
જો ક્યાંય, કોઈ જડી જાય જવાબ સાચો.
જીજ્ઞાસુ તો સતત શોધ કરી રહ્યા છે,
ને વેદીયા વળી વીવાદ કરે, હું જાણું,
એ પીષ્ટપેષણ બધું, વધુમાં લવારો,
તારી જ શીખ સાચી, સ્પષ્ટ જવાબ તારો.

## ૫. દેશ એનો એ જ એ..

ભવીષ્ય ભભુકે, જુઓ ઉજળું આજનું ઈન્ડીયા:
રુપેરી પડદે, મહેલ મજલે, ઝરુખે ઉંચે,
સભા સરઘસે, સ્વતંત્રદીન ઉત્સવે ઉભરે,
નવીન ટીવી, રેડીયે, મ્યઝીકબાર, બોલીવુડે,
નવીન રીતભાત, ને રીધમ, તાલ, બોલે, લયે,
નવી જ નવી ફેશને, ઉછળતાં નવાં યૌવને,
ગણાય અમ સુન્દરી જગત શ્રેષ્ઠ, ડંકો બજે,
દલાલ સ્ટ્રીટમાં, અમે ધનીક શેર–સટ્ટે હવે.

પરંતુ નજરે પડે કમરતોડ કામે ચડ્યા
અગણ્ય કૃષીકાર ને મજુર કૈં, ભીખારી ભમે,
શીશુ–કુસુમની કુટે કુંપળ ના કુટે ત્યાં ખરે,
બળે નવવધુ, ગળે ગરીબ કૈં અકાળે ઢળે,
ભસે નીરસ ભાષણો પટુ પ્રધાન, ચાટુ થઈ,
લવે કવી, કરે ગુરુ ભજન – દેશ એનો જ એ.

## ૬. મને શીશીર ના ગમે

મને શીશીર ના ગમે, નહીં નહીં જ હેમન્ત વા,
ગમે ન કદી અંગ અંગ થથરાવતી ઠંડી આ,
થીજે બરફથી બધું ભીતર–બ્હાર, સંચાર ના,

ફરે ન ચકલું ભલું, જીગર મારું થંભી જતું.
અને ઘર બહાર જો નીકળું કામ–કાજે જવા,
ચડાવું થરના થરો, ગરમ કોટ, જેકેટ કૈં,
લગાવું શીર ટોપી ઉપરથી ને નીચે બુટ બે,
છતાંયે થથરૂં, કહો શીશીર કેમ ઋતુ ગમે ?

પરન્તુ કહું કાનમાં, ગમતી કેમ ના ઠંડી આ,
મને નીરખવી ગમે નમણી નાર સૌ ગ્રીષ્મની,
ફગાવી સહુ ગોદડાં, વસન અલ્પ, આછે સજી,
બજાર બગીચે ફરે, રમણી રમ્ય જોતો રહું,
વળી પરખતો રહું હૃદયગમ્ય તન્વી તણાં
હતાં શીશીર ગુપ્ત તે સકળ અંગ સોહામણાં.

## ૭. ટીવી

મળ્યું રમકડું, કહ્યાગરું, કરે તમે જે કહો,
કરો જરીક ક્લીક ને તુરત ગાજતું, વાજતું,
કુટુમ્બ કબીલો રમે દીવસ રાત મોડે સુધી,
બપોર બળતે ઘણી ગૃહીણી શોધતી સાંત્વના,
શ્રમીત જન સાંજના, રડતું બાળ છાનું થતું,
પ્રમાદી, ઘરકુકડા, વડીલ વૃદ્ધનો આશરો.

દીયે ખબર આસપાસ, દુર દેશ–વીદેશની,
ચતુર સમજાવતું જીવન કેમ આ જીવવું,
કહે રમવું કેમ, પ્રેમ કરતાં વળી શીખવે,
રૂપાળું બનવું ? શું ખાસ શણગારતાં શીખવું ?
ભુગોળ ભણવી ? કહે ઈતીહાસ કયો જાણવો ?
ભુલોક ભમવું બધે ? શીખવું સાંધતાં–રાંધતાં ?

બધું જ બધું: જોવું, જાણવું, શું ગાવું, શું નાચવું,
શીખી નવું નવું હવે રમકડે અમે જીવતાં.
**–નટવર ગાંધી**

કવી–સમ્પર્ક :

Natwar Gandhi
2939 - Van Ness Street, NW, #1139, Washington, DC - 20008 - USA
ફોન નંબર– 202-302-5844 ઈ–મેઈલ: natgandhi@yahoo.com

કવીના પ્રકાશીત ગ્રંથો –

૧. 'અમેરીકા, અમેરીકા' – પ્રથમ આવૃત્તી: 2004 પૃષ્ઠ સંખ્યા: 138 મુલ્ય: રુપીયા 150,

૨. 'ઈન્ડીયા, ઈન્ડીયા' – પ્રથમ આવૃત્તી: 2006 પૃષ્ઠ સંખ્યા: 138 મુલ્ય: રુપીયા 150,

૩. કવીનો કાવ્યસંગ્રહ 'પેન્સીલ્વેનીયા એવન્યુ' જાન્યુઆરી ૨૦૧૧માં પ્રકાશીત થઈ રહ્યો છે.

ત્રણે કાવ્યસંગ્રહોના પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન્સ, મુંબઈ –ફોન: 022-2200 2691, 2200 1358 અને અમદાવાદ– ફોન: 079-2656 0504, 2644 2836 email: info@imagepublications.com

♦ કવીની વેબસાઈટ http://www.natwargandhi.com/ ની મુલાકાત પણ લેવા જેવી છે. ♦

*(કવીશ્રી નટવર ગાંધીનું ચીત્ર, એમનો પરીચય અને અગાઉ 2006માં 57મી 'સ.મ.'માં પ્રકાશીત થયેલાં એમનાં ચાર ચતુરંગી સૉનેટ વાંચવા માટે માત્ર* http://www.gujaratilexicon.com/admin/upload/SeM/sm-57.0--2006-07-09--char-kavyo--natvar-gandhi.pdf *પર ક્લીક કરતાં જ આપ તે માણી શકશો ...)*

'સન્ડે ઈ–મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર ન્યુ જર્સી–અમેરીકાના પ્રસીદ્ધ હાસ્યલેખક ભાઈ શ્રી હરનીશ જાની (harnish5@yahoo.com)નો ખુબ ખુબ આભાર...

–બળવન્ત પટેલ અને ઉત્તમ ગજ્જર

♦♦♦♦♦♦♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: છઠ્ઠું – અંક: 210 – January 30, 2011

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

@@@@@

More than 65,00,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 6,50,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 99,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
You too are invited to visit Gujaratilexicon with a new interface.

♦♦♦♦♦♦♦

# 'લખે ગુજરાત'

ગુજરાત રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ થયાં. 'સ્વર્ણીમ ગુજરાત'નો આ મહોત્સવ આખું વર્ષ ઉજવાશે. સાથે સાથે 'વાંચે ગુજરાત'નું પણ એક જોરદાર અભીયાન ઉપડ્યું છે. આપણે તો 2005થી 'સન્ડે ઈ–મહેફીલ' મારફત 'વાંચે ગુજરાત'ની 'વાચનયાત્રા' શરુ કરી જ છે ! આજે પંદર હજાર સરનામે તે પહોંચે છે. સાથે સાથે શ્રી રતીલાલ ચંદરયાએ 'ગુજરાતીલેક્સિકોન' મારફત લગભગ **45** લાખ શબ્દોનો વીશાળ શબ્દભંડોળ નેટ પર ઉપલબ્ધ કરાવી આપ્યો છે. આજ દીન સુધીમાં તેની લગભગ **75** લાખ મુલાકાતો નોંધાઈ ચુકી છે.

તો હવે ? આમ, ઈન્ટરનેટ પર મળતા રહેતા આપણ સૌ 'ગુજરાતી' મીત્રો વીશેષ શું કરી શકીએ 'ગુજરાત' અને 'મા ગુર્જરી'ની સેવામાં ? આપણે સૌ સાથે મળી કમ્પ્યુટરના સ્ક્રીન પર 'લખે ગુજરાત'ની ઝુમ્બેશ ઉપાડીએ તો ?

કમ્પ્યુટર પર કામ કરતો એકેએક ગુજરાતી ગુજરાતીમાં લખતો થાય તો તે 'ગુજરાતીઓ'ની મોટી સીદ્ધી ગણાશે. ઘણા શીખ્યા જ છે; પણ હજી ઘણા બાકી છે. આજે ઘણાને 'રોમનાઈઝ્ડગુજરાતી'માં ક્યાંક બીજે લખીને, તેને ગુજરાતીમાં પરીવર્તીત કરીને, તેની કૉપી કરીને, અહીં પેસ્ટ કરવું પડે છે. એ ઝંઝટમાંથી મુક્તી મેળવવા અમે કમર કસીને તૈયારી કરી છે. તમે વીન્ડો એક્સપી, વીન્ડો સેવન કે એઈટ, કે વીસ્ટા કે એપલ–મૅક કંઈ પણ વાપરતા હો તો પણ તમે આમ જ, અહીં કર્સર મુકી, સીધું જ, બહુ સરળતાથી, યુનીકોડ **'શ્રુતિ'** કે તમને જે ગમતા હોય તે ગુજરાતી યુનીકોડ ફોન્ટમાં અને દેવનાગરીમાં લખવું હોય તો **'મંગલ'** ફોન્ટમાં લખી શકો છો.

હવે તમારે, અમારી વેબ સાઈટ http://lakhe-gujarat.weebly.com/ ખોલી, માત્ર બે કીબોર્ડ ડાઉનલોડ કરવાનાં છે. બધી સામગ્રી ત્યાં જ મુકી છે, ઈન્સ્ટોલેશન પ્રક્રીયાની સુચનાવાળી ચીત્રો સાથેની પીડીએફ અને કીબોર્ડના મેપીંગની પીડીએફ પણ ત્યાં મુકી છે. ડાઉનલોડ પર 'ક્લીક' કરો અને બેઠેબેઠે જોયા કરો. બધું જ આપોઆપ ઈન્સ્ટોલ થતું જશે અને તમે ગુજરાતીમાં અને દેવનાગરીમાં પણ લખતા થઈ જશો.

ऐक बीजी वात. राष्ट्रभाषा हीन्दी के मराठी के संस्कृतमां लखवा माटे देवनागरी की-बोर्ड पण त्यां आप्युं ज छे. ते पण डाउनलोड करी राखवुं जरुरी छे. कंई ज अघरुं नथी. कारण, गुजराती अने देवनागरीनुं की-बोर्ड मेपींग तद्दन समान ज छे. जेम गुजरातीमां लखो, तेम ज लखता जवानुं.. अक्षरो देवनागरीमां लखाशे. आ लख्युं छे तेम ज..

આ સુવીધા ઉપલબ્ધ કરી આપનાર હાલ ચેન્નાઈસ્થીત પણ મુળ સુરતના ભાઈ હીમાંશુ મીસ્ત્રી અને તેમને સદા પ્રેરણા આપનાર શ્રી રતીલાલ ચંદરયાનો આભાર માનીએ.

કંઈ પણ તકલીફ જણાય તો તે વીશે કે તમારે કંઈક સુચનો કરવાં હોય તો, મને uttamgajjar@gmail.com પર જરૂર લખજો. ઈન્સ્ટૉલ કરો કે કરાવો અને લખતા થઈ જાઓ ગુજરાતીમાં. તમે ગુજરાતીમાં લખતા નહીં થઈ જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે જ રહીશું... ગુજરાતી/દેવનાગરીમાં લખતાં શીખેલો એક જણ, બીજા ઓછામાં ઓછા એક જણને લખતા શીખવે તેવું અમારું સ્વપ્ન છે..

## ‘જય ગુજરાતી’

Uttam Gajjar, e-mail: uttamgajjar@gmail.com

********************************

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ છઠ્ઠું – અંકઃ 210 – January 30, 2011
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com